રાયસણ નજીક નદીમાં ડુબી જવાથી જીએનએલયુના વિદ્યાર્થીનું મોત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો અને મૂળ બેંગ્લોરનો ૧૯ વર્ષીય વિદ્યાર્થીનું અગમ્ય કારણોસર રાયસણ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજયું હતું. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલ મહિતી અનુસાર ગાંધીનગર કોબા હાઈ-વે પર ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી આવેલી છે. જયાં મૂળ બેંગ્લોરનો કુંબલે નાયક નામનો ૧૯ વર્ષીય યુવક લૉ ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. ગત રોજ આ યુવક રાયસણ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના તટે ગયો હતો. જયાં અગમ્ય કારણોસર તેનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજયું હતું. આ યુવકનો મૃતદેહ આજે રાયસણ ગામના ખોડાજી ઠાકોરને નજરે પડતા તેઓએ તુરંત અડાલજ પોલીસમાં જાણ કરતા પોલીસે બનાવ સ્થળે આવી યુવકના મૃતદેહને બહાર કાઢયો હતો અને તેની તપાસ કરતા માલુમ પડયું હતું કે આ યુવક શ્રાદ્ધની વિધિ કરવા નદી કિનારે આવ્યો હતો અને બાદમાં અગમ્ય કારણોસર પાણીમાં ડુબી જવાથી મોત થયું હતું. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકના એ.એસ.આઈ. ભીખાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

શહેરમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્રએ ગાબડા પુરવાનું શરૂ કર્યું!

મચ્છરો માટે વાતાવરણ ફેવરેબલ : રોગચાળાને વધતો ડામવા પ્રયાસ

ગાંધીનગર, તા.૧૨

ચોમાસા દરમિયાન શહેરમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધતા રોગચાળાએ જોર પકડયું છે. વરસાદી વાયરા બાદ પણ વાદળિયું વાતાવરણ યથાવત રહેતા મચ્છરો માટે ફેવરેબલ સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં રોગચાળાને ડામવા તંત્ર દ્વારા વરસાદી પાણીનો ભરાવો દૂર કરવા ઉપરાંત ગાબડા પુરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તંત્રની ટીમ સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા કામે લાગી છે.

ચોમાસાની શરૂઆતથી જ શહેરના આંતરિક વિસ્તારોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. સેકટરોમાં ખડકાયેલા કચરાના ઢગ વચ્ચે વરસાદી પાણી ભરાતા નાગરિકોના ઘર આંગણે ગંદકી ખદબદી રહી છે જયારે મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર લાંબા સમય સુધી વરસાદી પાણીનો નિકાલ ન થતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો મંડરાયા છે. શહેરમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોય તેવા ૨૫ જેટલા પોઈન્ટ નિયત કરી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે મેલેરિયાના રોગચાળાને ડામવા પણ સેકટરોમાં અસ્તિત્વમાં આવેલા ગાબડાઓ પુરવા પાટનગર યોજનાની ટીમ કામે લાગી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જૂના સેકટરોમાં આવા વિસ્તારની યાદી તૈયાર કરી ખાડા પુરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મેલેરિયાના રોગચાળાને કાબૂમાં લેવા મચ્છરોની ઉત્પત્તિને ડામવા આરોગ્ય તંત્ર અને વિભાગની ટીમે સંયુકત કામગીરી હાથ ધરી છે.

વીટકોસ બસ અને ટવેરા ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના ખુલ્લા માર્ગોને કારણે શહેરમાં અકસ્માતોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આજે સવારના અગીયાર વાગ્યાના અરસામાં વીટકોસ બસ સ્ટેન્ડથી ચિલોડા તરફ જતી બસ નં. જીજે-૬-વીવી-૦૨૮ એ એસ.ટી. ડેપોના ગેટ આગળ ટવેરા ગાડી નંબર એમ.પી.-૦૯-બી.સી.-૭૯૬૦ ને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

અંદર મુસાફરી કરી રહેલા પેસેન્જરો પણ ગભરાઈ ગયા હતા. જો કે સદનસીબે કોઈને પણ જાનહાની થવા પામી ન હતી. પરંતુ અકસ્માત સવારના સુમારે સર્જાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બંને પક્ષકારો વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થવા પામી હતી પરંતુ પોલીસની મધ્યસ્થીથી મામલો શાંત પડી ગયો હતો અને બંને વચ્ચે સમાધાન થઈ ગયું હતું.

સેકટર-૨૨ ખાતે મહીલા સિવણ વર્ગની બાજુમાં જ કચરાપેટી મુકવામાં આવી છે. સંસ્થાને સૂચના આપ્યા વિના જ મૂકવામાં આવેલી આ કચરાપેટીને કારણે ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. તંત્ર તરફથી આ વિશે કોઈ તકેદારીનાં પગલાં ભરવામાં ન આવતાં, સિવણ ક્લાસમાં આવતી બહેનોએ જાતે જ સફાઈ ઝૂંબેશ ઉપાડી લીધી હતી. ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ સંચાલીત આ મહિલા સિવણ વર્ગ પાસેથી સત્વરે કચરાપેટી હટી જાય તેવી માંગણી મહિલાઓ દ્વારા કરવામાં આવી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

... ને ગાય રીક્ષાને ફરતે ચક્કર મારવા લાગી

ગાંધીનગર, તા. ૧૨

સત્યઘટના પાછળ વાત આમ છે કે સેકટર-૨૭માં ગાયત્રી સોસાયટી આવેલી છે. વહેલી સવારનો લગભગ સાત વાગ્યાનો સમય હતો. રીક્ષામાં બાળકો શાળાએ જતાં હોય છે. આવી એક રીક્ષા લઈ બાળકોને લેવા એક ભાઈ નીકળ્યા હતા. રીક્ષામાં પાંચેક બાળકો હતા. નવા બાળકને લેવા એક ઘર આગળ રીક્ષા ઉભી રહી અને એક ગાયે, ભડકેલી, ડરેલી દોડતી આવી રીક્ષાને ફરતે ચક્કર લગાવવા માંડ્યા. ભાંભરતી ગાય, મોટી ફાટેલી આંખો અને ભૂરાઈ થયેલી ગાયથી સૌ ભયભીત બની ગયા. ગાય રીક્ષામાં મોં નાખી બાળકોને જુએ અને વળી પાછુ ગોળગોળ રીક્ષાના ચક્કર લગાવે. બાળકો રીક્ષામાં ચીસાચીસ કરતા હતા. માંડ તે ગાયને ત્યાંથી દૂર ખસેડી પરંતુ તેનું ધ્યાન રીક્ષા ઉપર જ હતુ.

અનેક રીક્ષાઓ આવે ને જાય પરંતુ ગાયનું આ વર્તન પ્રથમ વખત જોવા મળ્યું.

પછીથી લાગ્યું કે તે ગાયનું વાછરડું રાત્રે કોક રીક્ષામાં આવી ઉઠાવી ગયા હશે અને તે અસહ્ય ઘટના તેને વ્યથીત કરી રહી હતી. બાળકોને રીક્ષામાં ઠાંસીને ભરેલાં જોયાં અને તેને તેનું વાછરડું યાદ આવ્યું હશે. ભોળી ગાયને થયું હશે કે આ બાળકોને કોક ઉઠાવી લઈ જઈ રહ્યું છે. ગાયની માતૃત્વની મૂંગી વેદના આંખ ભીની કરી ગઈ.

પ્રોહીબીશન કેસના આરોપીને પેથાપુર પોલીસે ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૧૨

છેલ્લા ત્રણેક માસથી ૧૮ નંગ બિયરના ટીનના કેસમાં નાસતા ફરતા બુટલેગરને આજે પેથાપુર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો હતો અને તેના વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માહિતીને આધારે ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામે રહેતો ભૂપતસિંહ જવાનસિંહ ઠાકોર નામનો બુટલેગર આથી ત્રણેક માસ અગાઉ ૧૮ નંગ બિયરના ટીન બાબતે ઝડપાયો હતો તેના વિરુધ્ધ પેથાપુર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ ત્યારબાદથી આરોપી ભૂપતસિંહ ઠાકોર નાસ્તો ફરતો હતો જેને બાતમીના આધારે ગત રોજ પેથાપુર પોલીસે ઝડપી પાડયો હતો અને તેના વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઢોર ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

બોરીજ ગામના એક પશુપાલક આજથી ૬ માસ અગાઉ જુના સચિવાલય પાસે આવેલ મીના બજારની ઝાડીઓમાં ભેંસો ચરાવતા હતા ત્યારે રાંધેજાનો એક શખ્સ ત્યાંથી બે ભેંસોની ચોરી કરી લઈ ગયો હતો અને રાંધેજા તેમજ પલાસણામાં વેચી મારી હતી. આથી પશુપાલકે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી અને આજે ક-૭ સર્કલ પાસેથી પશુપાલકની મદદથી ઢોર ચોરને ઝડપી પાડયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આજથી છ માસ અગાઉ બોરિજ ગામના જયંતિભાઈ ભલાભાઈ ખાંડ નામના પશુપાલક પોતાની છ ભેંસો લઈ જુના સચિવાલય પાસેના મીના બજારની ઝાડીઓમાં ચરાવવા લઈ આવ્યા હતા અને ભેંસોને ચરતી મુકી ચા પીવા ગયા હતા દરમિયાન આજ તકનો લાભ લઈ મૂળ રાંધેજાનો વતની દશરથ જામલ સલાટ નામનો શખ્સ બે ભેંસોને ત્યાંથી ચોરીને લઈ ગયો હતો અને તે બંને ભેંસોને રૂપિયાની લાલચે વેચી મારી હતી. આમ ભંસો ચોરાઈ ગયાની ભેંસ માલિકને જાણ થતા તેઓએ સે-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી આથી પોલિસે ફરિયાદ નોંધી ચોરની સઘન શોધખોળ હાથ ધરી પરંતુ આજે ભેંસ માલિક જયંતિભાઈને ભેંસ ચોરનાર શખ્સ મળી જતા એલસીબી પોલીસને જાણ કરતા એલસીબી પોલીસે ઘટના સ્થળે દોડી આવી ભેંસ ચોરનારને ઝડપી લઈ તેના વિરુધ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ૭૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૨

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષી પૂર્વ તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. કલોલમાં નવજીવન શોપીંગ સેન્ટર સામેના મેદાનમાં થનારી ઉજવણી અન્વયે શાળાના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ દેશભકિત ગીતો, નૃત્યો તેમજ યોગાની વિવિધ કૃતિઓ રજૂ કરશે.

આગામી તા. ૧૫ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના આયોજન અન્વયે તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી શાંતિપૂર્ણ અને સલામતીપૂર્વક થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલિસ તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું છે.

જિલ્લા પોલિસ દ્વારા કોમ્બીંગ નાઈટ તેમજ સઘન ચેકીંગ શરુ કરી દેવાયું છે. જિલ્લામાં હાઈ એલર્ટ સાથે વાહન ચેકીંગ ઉપરાંત હોટલ ગેસ્ટહાઉસોમાં પણ પોલીસે જરુરી તપાસ હાથ ધરી છે. બીજી તરફ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને શાનદાર બનાવવા શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રેકટીસમાં લાગી ગયા છે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ કલોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં તાલુકાની ૭ શાળાઓના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેવાના છે. આ વિદ્યાર્થીઓ દ્વારા ૪૦ મિનિટમાં દેશભકિતના વિવિધ ગીતો, નૃત્યો તેમજ યોગા સહીતની કૃતિઓ રજુ કરવામાં આવશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે કાર્યક્રમને અનુલક્ષી આજે ગ્રાન્ડ રીહર્સલ પણ કરવામાં આવશે.

સે-૨૨માં ગણેશોત્સવ નિમિત્તે ૧૨મીએ ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના હાર્દસમા સેકટર-૨૨ના રંગમંચ ખાતે તા.૯મી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગણેશોત્સવ દરમિયાન ૧૨મી સપ્ટેમ્બરે નગરની સંસ્થાઓ માટે ગરબા સ્પર્ધા યોજાશે. જેમાં જોડાવા માટે શાળા કોલેજો અને સંસ્થાઓને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા ૪૩ વર્ષથી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમિતિ દ્વારા ૪૪મો ગણેશોત્સવ ઉજવાશે. સેકટર-૨૨, રંગમંચ ગાંધીનગર ખાતે ૯મી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવ ઉજવાશે. પર્વ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગણેશોત્સવમાં ગરબા સ્પર્ધા ૧૨મી સપ્ટેમ્બરને રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને પ્રથમ ત્રણ નંબર આપી રોકડ પુરસ્કાર અને રનીંગ ટ્રોફી એનાયત કરવામાં આવશે. પ્રથમ નંબરને ૭૦૦૦ રૂ. દ્વિતીય નંબરને ૫૦૦૦ રૂ. અને તૃતીય નંબરને ૩૦૦૦ રૂ. આપી સન્માનવામાં આવશે. સ્પર્ધામાં ૧૪થી ૩૫ વર્ષની બહેનો જોડાઈ શકશે. ગરબામાં પ્રાચીન કે અર્વાચીન કૃતિ રજૂ કરી શકાશે. એક કૃતિમાં ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૧૬ સ્પર્ધકો ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ સંસ્થાની એન્ટ્રી સંસ્થાના લેટરહેડ અથવા સાદા કાગળ ઉપર સંસ્થાના વડાની સહી સાથે ૨૦મી ઓગષ્ટ સુધી મોકલી આપવાની રહેશે એમ નિશિત વ્યાસે અખબારી યાદીમાં જણાવ્યું છે.

મહાત્મા મંદિર પાસે એક ઓટો રીક્ષા અચાનક પલટી ખાઈ હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરને સ્વચ્છ બનાવી સ્વસ્થ બનાવવા કોંગીની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગ અને પાણીજન્ય રોગચાળા સામે મ્યુનિ. કમિશ્નરશ્રી દ્વારા તાત્કાલિક પગલાં ભરવામાં આવે તે રીતે સૂચના આપવાની માંગ સાથે ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિએ આજે જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપને આવેદન-પત્ર આપ્યું છે.

સતત વરસાદી માહોલને કારણે શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય વધી ગયુ હોવાનો આક્ષેપ આ આવેદન-પત્રમાં કરી સફાઈ અભિયાન તાકીદે હાથ ધરવામાં આવે તેમજ કોર્પોરેશનમાં બાયોલોજીસ્ટ સહિતની આરોગ્યની જગ્યાઓ ભરવામાં આવે તેવી માંગ પણ આ આવેદન-પત્રમાં કરવામાં આવી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલની આગેવાનીમાં આજે કોંગ્રેસના કાઉન્સીલરો અને આગેવાનોએ આ આવેદન-પત્ર કલેકટરશ્રીને આપ્યુ હતું.

ગાંધીનગર શહેરના કોર્પોરેશન વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધુ ગયેલ છે, જેના કારણે ગાંધીનગર શહેરની જનતાને આરોગ્ય લક્ષી પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડે છે, જેમાં રોગચારો, સેકટરવાર સાફ-સફાઈ, આરોગ્યલક્ષી કામગીરી, પાણીની ટાંકીમાં ક્લોરીનેશન કરવુ, બાંધકામની સાઈડો ઉપર મચ્છરોનો ઉપદ્રવ થાય છે તે સાઈડોનું ચેકીંગ કરવુ, કોર્પોરેશનમાં બાયોલોજીની જગ્યા તાત્કાલિક ભરવી, સેનેટરી ઈન્સ્પેક્ટરને મદદનીશ કમીશ્નર બનાવેલ છે તે અધિકારીને ફક્ત આરોગ્ય લક્ષી કામગીરી સોંપવી, સેકટરના રસ્તાઓ ઉપર ખુબજ કાદવ-કિચડ થયેલ છે તેનો નિકાલ કરવો, જાહેર ટોયલેટ તથા કચરાપેટીનો નિકાલ થાય, સરકારી દવાખાનામાં આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે, સેક્ટરના કોમન પ્લોટમાં સાફ-સફાઈ કરવા અંગે વગેરે પ્રજા લક્ષી પ્રશ્નો અંગે ગાંધીનગર કોર્પોરેશનનું તંત્ર તથા સરકારની સંબંધિત કચેરીઓ આ બાબતે કોઈ કાર્યવાહી કરતી નથી તેના સંદર્ભમાં મ્યુનિસિપલ કોર્પોરેશન જાહેર આરોગ્ય અને સુખાકારીની કામગીરી કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને સી.આર.પી.ની ૧૩૫ હેઠળની તાકિદની નોટીસ આપી પગલા લેવા અંગે પ્રમુખશ્રી મુકેશ પટેલની આગેવાની હેઠળ મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી પ્રેમબા હાડા, પૂર્વ ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી પ્રવિણ પટેલ, વિજયસિંહ વાઘેલા, અનિલ પરમાર, મહામંત્રીઓ કે.પી. સોલંકી અને વિજય સોલંકી, ઉપપ્રમુખ હરેશ પટેલ, પી.ઓ. પટેલ, તેજાભાઈ દેસાઈ, રજનીકાન્ત પટેલ, વસંત પરમાર, જીતુ રાયકા, મહિલા પ્રભારી પીંકીબેન પટેલ, ઇન્ચાર્જ મહામંત્રી હર્ષજીત પંડ્યા, શૈલેન્દ્ર બિહોલા, કનુભાઈ શાહ, શિલ્પાબેન પટેલ, મિત્તુલ જોષી તથા ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, સિનીયર આગેવાનો અને કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહી કલેક્ટરશ્રી ગાંધીનગરને આવેદન પત્ર ।પી સત્વરે કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦
બી.એ. પાસ : ૫.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

ચિરાગ, કલોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે લહેરીયાના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે અરવિંદભાઈ પંડ્યાના નિવાસ સ્થાન બ્લોક નં. ૨૯/૪, છ- ટાઈપ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે શૈલેષભાઈ વી. દવેના નિવાસ સ્થાન ૧૪૭/૭, કડી સ્કૂલ -૪નંબર ગેટ સામે શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે રાજેન્દ્રભાઈ ઓઝાના નિવાસ સ્થાન ૧૨૯૯, શિવમ સોસાયટી, સેકટર-૨૭,ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને લીલા મેવાના હિંડોળા

આપની આજ

મેષ : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાની હાની થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

વૃષભ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

મિથુન : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

કર્ક : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સાવધાન રહેવું. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

સિંહ : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા વેપારને નવી ગતિ પ્રદાન કરશે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

કન્યા : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

તુલા : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

ધન : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

મકર : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

કુંભ : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

મીન : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન ભગવાનભાઈ પટેલ (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૨૪૯, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. સંગીતાબેન ગલલજી ઠાકોર(ઉ.વ.૨૮) મુ.પો. શેરથા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુમિત્રાબેન પ્રવિણચંદ્ર ઠાકર (ઉ.વ.૬૪) બ્લોક નં.૧૫૭/૨, સેકટર-૩/એ- ન્યૂ, ગાંધીનગર.
- સ્વ. લાલાભાઈ માસંઘજી ઠાકોર (ઉ.વ.૪૫)મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રકાશભાઈ બળદેવભાઈ પટેલ (ઉ.વ.૩૨)મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રઈબેન કેશવલાલ જાદવ (ઉ.વ.૬૫)મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.